જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૪/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૫૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૪૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન અને ૦૧ લોડીંગ ટેમ્પો કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૫૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૫૫૬/૨૦૨૬**

વાડજઃ હરેશભાઇ સ/ઓ શ્યામલાલ મોટવાણી (ઉ.વ.૪૧)(રહે,પાર્થ ટાવર, નવા વાડજ) એ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૧૪/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન નવા વાડજ મોજણી ભવનની બાજુમાં રુદ્ર હોસ્પીટલની સામે, કાવેરી ગ્રાઉન્ડ ખાતે આવેલ “શાઇન મોબાઇલ એન્ડ ઇલેક્ટ્રોનીક્સ” નામની પોતાની ખુલ્લી દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનના માળીયામાં એક પુંઠાના કાર્ટુનમાં મુકેલ મોબાઇલ ફોન નંગ–૦૭ કિંમત રૂપિયા ૧,૮૨,૪૪૦/– મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.આર.આલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૫૭/૨૦૨૬**

સાબરમતીઃ અંતીમા ડો/ઓ રાજુભાઇ આશારામભાઇ (ઉ.વ.૨૬)(રહે.આશ્રય પ્લેટીના સ્વામીનારાયણ મંદિર પાછળ ન્યુ રાણીપ સાબરમતી) એ અગમ્ય કારોણસર તા.૧૮/૦૪/૨૦૨૬ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

અમરાઇવાડીઃ રેખાબહેન વા/ઓ શામુભાઈ દંતાણી (ઉ.વ.૪૨)(રહે.નીતીનગરના છાપરા અમરાઈવાડી પોસ્ટ ઓફિસ સામે અમરાઇવાડી) એ બીમારીથી કંટાળી જઇ તા.૧૭/૦૪/૨૦૨૬ રાતના ૧૧/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી